# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

**1)** 2030 સુધીમાં કાપડ ઉદ્યોગનાં ટર્નઓવરને 350 અબજ ડોલર સુધી પહોંચાડવાનું કેન્દ્ર સરકારનું લક્ષ્ય

**2)** રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે સુરત અને વડોદરાની મુલાકાતે

**3)** મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે અમદાવાદ ઇન્ટરનેશન બુક ફેસ્ટિવલનું ઉદઘાટન કરશે

**4)** મુખ્યમંત્રી વડોદરામાં 616 કરોડ રૂપિયાનાં વિકાસકામોનું ખાતમૂહુર્ત અને લોકાર્પણ કરશે

**5)** લઘુતમ તાપમાનમાં વધારો થતાં રાજ્યમાં ઠંડીનો ચમકારો ઘટ્યો

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# MINISTER OF TEXTILES

વસ્ત્ર ઉદ્યોગ લાખો લોકોના રોજગારીનું માધ્યમ બન્યો છે, ત્યારે વર્ષ 2030 સુધીમાં દેશના કાપડ ઉદ્યોગના ટર્નઓવરને 350 અબજ ડોલર સુધી પહોંચાડવાનો કેન્દ્ર સરકારનો લક્ષ્યાંક છે એમ કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહે જણાવ્યું હતું. સુરતની બે દિવસની મુલાકાતે આવેલા શ્રી ગિરીરાજ સિંહ ગઈ કાલે કહ્યું કે, સુરત આપબળે ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના વિકાસનું મોડેલ બન્યું છે. તેમણે ઉમેર્યું કે, અસંગઠિત ક્ષેત્રમાંથી આ ઉદ્યોગ સખત મહેનત અને સૂઝબૂઝથી સંગઠિત થયો છે અને હવે ઝડપથી પ્રગતિના પંથે આગળ વધ્યો છે.

શ્રી સિંહે ગઈ કાલે સુરતમાં ભારત ટેક્સ 2025નાં પ્રચાર માટે રોડ શો યોજયો હતો. 14 થી 17 ફેબ્રુઆરી-2025 દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે BHARAT TEX: 2025- ગ્લોબલ ટેક્ષ્ટાઈલ એક્ષ્પો યોજાશે

શ્રી સિંહે ગઈકાલે સુરતમાં વિવિધ ટેક્ષ્ટાઇલ પાર્કોની મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે જણાવ્યું કે, દક્ષિણ ગુજરાતનું સુરત શહેર ટેક્ષ્ટાઈલ ઉદ્યોગનું હબ છે, જેથી રાજ્ય સરકાર દ્વારા નવસારી જિલ્લાના વાંસી બોરસી ખાતે પીએમ મિત્ર પાર્કનું નિર્માણ થઈ રહ્યું છે.

--------------------------------------------------------------------

- માહિતી, અનિલ પટેલ, NAVIN

# RAILWAY MINISTER ASHWINI VAISHNAV GUJ

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે રાજયની એક દિવસની મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ આજે બપોરે સુરત વિમાની મથકે આવી પહોંચશે. ત્યાંથી તેઓ કીમ રેલવે સ્ટેશને જશે અને બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ મેન્યુફેકચરિંગ ફેકટરીની મુલાકાત લેશે. ત્યારબાદ લોકાદરાના પ્લાસર ઇન્ડિયા ફેકટરીની મુલાકાત લેશે.

શ્રી વૈષ્ણવ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ગતિશક્તિ યુનિવર્સિટીના બીજા પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

આ પદવીદાન સમારોહમાં વિજ્ઞાન, ટેકનોલોજી, બિઝનેસ એડમિનિસ્ટ્રેશન સહિતની વિદ્યાશાખાના કુલ 239 વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે અને પાંચ વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કરશે.

ઉલ્લેખનીય છે કે, ગતિશક્તિ વિશ્વ વિદ્યાલય પરિવહન અને લોજીસ્ટીક્સ ક્ષેત્રને સમર્પિત દેશનું પહેલું અને એકમાત્ર વિશ્વ વિદ્યાલય છે.

-------------------------------------------------------------------

- રીપીટ

# A’VAD IN. NATIONAL BOOK FAIR

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આજે ‘અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ’નું ઉદ્દઘાટન કરશે.

શહેરના મેયર પ્રતિભા જૈને પત્રકારોને જણાવ્યું કે, આ વર્ષે પહેલી વાર અમદાવાદ નેશનલ બુક ફેર આ વર્ષે એન બી ટી ના સહયોગથી આંતરરાષ્ટ્રીય કક્ષાનો અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ તરીકે યોજાશે.

---------------------------------------------------------------------

- APARNA KHUNT, અજય ઇન્દ્રેકર, NAVIN

# CHILDERN FILM FESTIVAL

અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેરની સાથે સાથે અમદાવાદ ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન ફિલ્મ ફેસ્ટિવલની છઠ્ઠી આવૃત્તિનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ ફેસ્ટીવલમાં 24 દેશોમાંથી આવેલી 40 મિનિટથી લઈને એકથી બે કલાક સુધીની બાળ ફિલ્મો પ્રદર્શિત કરવામાં આવશે, જેમાં બીગ, ધ સ્ટોર્મ, મસ્તીની પાઠશાળાનો સમાવેશ થાય છે. ફેસ્ટીવલ અંગે ચેતન ચૌહાણે વધુ વિગતો આપી.

AHMEDABAD CHETAN CHAUHAN BYTE

---

- DESK, ANIL PATEL, NAVIN

# GIR SOMNATH SUGAR MIL

ગીર સોમનાથ જિલ્લાનાં કોડીનાર અને તાલાળાની બંધ શુગર મીલ ફરી શરૂ કરવામાં આવશે. ઇન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા તાલાળા અને કોડીનાર શુગર મીલ 30 વર્ષ માટે ચલાવવા ઠરાવો થયા છે.

કોડીનાર શુગર મીલ ઓક્ટોમ્બર - નવેમ્બર 2025માં શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે આથી ખેડૂતોને શેરડીનું વાવેતર વધારવા અપીલ કરવામાં આવીછે. આ ઉપરાંત કેન્દ્ર સરકારની લઘુતમ ભાવની નીતિ મુજબ ખેડૂતોને ભાવ આપવામાં આવશે. જો કે ઇન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા આ ખાંડ ફેકટરીમાં ઇથોનોલ બનાવશે જેથી ખેડૂતોને શેરડીનાં ભાવ પણ હવે ઉંચા મળશે. આ અંગે વધુ માહિતી આપે છે ઈન્ડિયન પોટાશ લિમિટેડના મેનેજર વી ડી ચૌધરી

## બાઈટ-વી.ડી.ચૌધરી-મેનેજર ઈન્ડિયન પોટાશ લિમિટેડ

----------------------------------------------------------------------

- **NDMS /** જયેશ વેગડા

, NAVIN

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# C.M. VIKAS KAMO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે વડોદરા શહેરના નાગરિકોને 616 કરોડ રૂપિયાના વિવિધ 77 વિકાસ કામોની ભેટ આપશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ

## (વોઇસ કાસ્ટ અજય ઇન્દ્રેકર)

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે અકોટા સ્થિત સયાજીનગર ગૃહમાં વડોદરા મહાનગર પાલિકા દ્વારા આયોજીત સમારોહમાં 353 કરોડ રૂપિયાના 36 વિકાસ કામોનું લોકાર્પણ અને 262 કરોડના ખર્ચથી નિર્માણ થનારા જનસુવિધાના 41 કામોનું ખાતમુર્હુત કરશે. આ વિકાસ કામોમાં સૌથી વધુ 176 કરોડ રૂપિયાના ડ્રેનેજના કામોનું લોકાર્પણ અને 143 કરોડ રૂપિયાના કામોનું ખાતમુર્હુત કરશે. આ ઉપરાંત પાણી, સ્ટ્રિટ લાઈટ, હાઉસીંગ, માર્ગો, બિલ્ડીંગ, બ્રિજ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના કામોની ભેટ આપશે જેનાથી વડોદરા શહેરના નાગરિકોની સુખાકારીમાં વધારો થશે.

અજય ઇન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ

---

- - માહિતી – અજય ઇન્દ્રેકર -(NAVIN)

# WEATHER

રાજ્યનાં મોટાં ભાગનાં શહેરોમાં લઘુતમ તાપમાનમાં વધારો થતાં વહેલી સવારે અને મોડી રાત્રે વર્તાતી ઠંડીનો ચમકારો ઘટ્યો છે. હવામાન વિભાગની યાદી પ્રમાણે ગઈ કાલે રાજ્યનાં નવ શહેરોમાં લઘુતમ તાપમાન 18 ડિગ્રીથી વધુ નોંધાયું હતું. સૌથી ઓછું 14 ડિગ્રી તાપમાન વડોદરામાં નોંધાયું હતું. નલિયા, કંડલા એરપોર્ટ અને રાજકોટ ખાતે સૌથી ઓછું 15 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

અમદાવાદ, સુરેન્દ્રનગર, દમણમાં 18.2 ડિગ્રી, ભાવનગરમાં 19.2, સુરતમાં 20 ડિગ્રી, વેરાવળમાં 20.4 અને દ્વારકામાં 20.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

અમદાવાદ શહેરમાં લઘુતમ તાપમાન 18 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધુ હતું. હવામાન વિભાગનાં જણાવ્યા પ્રમાણે આગામી પાંચ દરમિયાન તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર નહિં થાય.

---

-યાદી અનિલ

, NAVIN

# Vinchia (Rajkot) Hospital

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે, વિંછીયા પંથકમાં દેવપરાના પાટીયા નજીક 27 કરોડ રૂપિયાનાં ખર્ચે આધુનિક સગવડયુક્ત નવી હોસ્પિટલ બનાવવામાં આવશે, જેની કામગીરી શરૂ થઈ ગઈ છે.

ગઈ કાલે વિંછીયા તાલુકાના લાલાવદર ખાતે પેટા આરોગ્ય કેન્દ્રના નવીનીકરણ કામનાં ખાતમુહૂર્ત પ્રસંગે શ્રી બાવળિયાએ જણાવ્યું કે, આશરે 27 લાખ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા આ પેટા આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સ્તરની તમામ આરોગ્ય સારવાર મળશે.

તેમણે જણાવ્યું કે, જસદણ તથા વિંછીયા તાલુકાના લોકોને ડાયાલીસીસ માટે રાજકોટ ન જવું પડે તે માટે, જસદણની સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ડાયાલિસિસની સુવિધા શરૂ કરવામાં આવી છે. ઉપરાંત અમરાપુરમાં પણ આ સુવિધા શરૂ થઈ ગઈ છે.

---

- માહિતી ખાતુ અનિલ

NAVIN

# VERAVAL-JABALPUR TRAIN

જબલપુર ડિવિઝનના કટની-બીના સેક્શન વચ્ચે એન્જિનિયરિંગના કામ માટે લેવાયેલા બ્લોકને કારણે આજે અને બીજી ડિસેમ્બરની વેરાવળ-જબલપુર એક્સપ્રેસ ટ્રેન પરિવર્તિત કરાયેલા માર્ગ પર દોડશે.

ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર રવીશ કુમારના જણાવ્યા મુજબ, વેરાવળ સ્ટેશનથી આ બંને દિવસોમાં આ ટ્રેન તેના નિર્ધારિત રૂટ ભોપાલ-બીના જંક્શન-કટની મુરવારા-જબલપુરને બદલે પરિવર્તિત માર્ગ ભોપાલ-ઈટારસી જંક્શન-જબલપુર થઈને ચાલશે. વળતામાં પણ આ ટ્રેન ભોપાલને બદલે પરિવર્તિત માર્ગ જબલપુર-ઈટારસી જંક્શન-ભોપાલ થઈને ચાલશે.

---

- APARNA KHUNT, - રેલેવે યાદી, -(NAVIN)

# BOTAD – SARAS MALO

બોટાદ જિલ્લાના યાત્રાધામ સાળંગપુર શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર પરિસરમાં ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સરસ મેળો 2024નો ગઇકાલથી આરંભ થયો છે. જે આગામી આઠમી ડિસેમ્બર સુધી ચાલશે.

આ મેળામાં રાજ્યના વિવિધ જિલ્લાની સખી મંડળની બહેનો દ્વારા ઉત્પાદિત કરાયેલ હાથ બનાવટની વસ્તુઓ, માટીકામ, જ્વેલરી, પટોળા, ઓર્ગેનિક ખાદ્ય  વસ્તુઓ, ભરત ગૂંથણ જેવી અવનવી બનાવટો વેચાણ માટે 50 જેટલા સ્ટોલ તૈયાર કરાયા છે.

---------------------------------------------------------------------

- પીટીસી બોટાદ / જયેશ વેગડા

NAVIN

# Somnath – Vastra Prasad

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા ભગવાન મહાદેવના શૃંગારમાં ઉપયોગમાં લેવાયેલ પીતાંબરમાંથી બનેલ ઝભ્ભા અને માતા પાર્વતીને શ્રૃંગાર કરાયેલ સાડીઓ સહિત દશ હજાર 600 જેટલા વસ્ત્રોનું તમામ જિલ્લાના વહીવટી તંત્રના સહયોગથી જરૂરિયાતમંદોને વિતરણ કરવામાં આવ્યું હતું.

ગીર સોમનાથ જિલ્લાના અમારા પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે શ્રીસોમનાથ ટ્રસ્ટ દ્વારા સોમનાથ મહાદેવને અર્પણ કરાયેલ વસ્ત્ર અને માતા પાર્વતીને અર્પણ કરાયેલ સાડીઓને વસ્ત્રપ્રસાદ સ્વરૂપે જરૂરિયાતમંદો સુધી પહોંચાડીને અંત્યોદય સેવાનું કાર્ય કરી રહ્યું છે.

અત્યાર સુધીમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા રાજ્યના ભાવનગર, મોરબી, વડોદરા, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ ખેડા બોટાદ મહીસાગર નર્મદા સિધ્ધપુર પાટણ અમરેલી અરવલ્લી મહેસાણા બનાસકાંઠા સાબરકાંઠા જુનાગઢ ભરૂચ નવસારી ડાંગ અને પંચમહાલ મળી કુલ 22 જિલ્લાઓમાં સાત હજાર 748 વસ્ત્રો, ચીકી અને લાડુ પ્રસાદ સહિત કુલ 14 હજાર 915 વસ્ત્ર અને પ્રસાદનું વિતરણ કરાયું હતું.

---------------------------------------------------------------------

- પીટીસી ગીર સોમનાથ / જયેશ વેગડા

NAVIN